# 2nd India- UK Multilateral Dialogue

October 20, 2021

# દ્વિતિય ભારત-યુકે બહુસ્તરીય મંત્રણા

ઓક્ટોબર 20, 2021

દ્વિતિય ભારત-યુકે બહુસ્તરીય મંત્રણા 18 ઓક્ટોબર 2021ના રોજ લંડન ખાતે યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ શ્રી પ્રકાશ ગુપ્તા, જોઈન્ટ સેક્રેટરી (યુએન પોલિટિકલ), વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે યુકેનું પ્રતિનિધિત્વ હેરિયેટ મેથ્યુસ, સીએમબી ઓબીઈ, યુએન, યુકે ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (એફસીડીઓ)ના ડેપ્યુટી પોલિટિકલ ડિરેક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું.

યુકેએ ઓગસ્ટ 2021માં યુએન સિક્યોરિટી કાઉન્સિલની સફળ પ્રેસિડન્સી બદલ ભારતને અભિનંદન પાઠવ્યા હતા. તેમની ચર્ચામાં યુએનના સુધારા, ત્રાસવાદ વિરોધી કાર્યવાહી, પિસકિપિંગ અને ક્લાઈમેટ એક્શન અંગે પરસ્પર હિતના મુદ્દા આવરી લેવાયા હતા.

બંને પક્ષોએ કોમનવેલ્થ સ્ટ્રેટેજિક પ્લાન અને પ્રાથમિકતાઓ વિશે પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

પ્રતિનિધિમંડળો બહુસ્તરીય મુદ્દાઓ પર પોતાનો સહકાર ગાઢ બનાવવા માટે વધુ નિકટ રીતે કામ કરવા સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 20, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.